અતિથિ સત્કાર પરંપરા અંતર્ગત સંસ્થાના ઉપપ્રમુખ પુષ્પદાનભાઇ ગઢવી દ્વારા મુખ્ય અતિથિ બીએસએફ ડીઆઇજી યોગેન્દ્રસિંહ રાઠોડનું વિશેષ સન્માન કરાયું હતું. વિપિન પંથારી, મનીષ દેવલનું વિજયભાઇ ગઢવી તથા પદાધિકારીઓ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું.

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી રાજેન્દ્રસિંહ જાડેજાએ સ્વાગત પ્રવચન આપતા સૈનિક અને શિક્ષકના દાયિત્વનો અનોખો સમન્વય દર્શાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, દેશની રક્ષા માટે એક જવાન સરહદ પર ખડેપગે રહીને સેવા આપે છે, જ્યારે શિક્ષક વર્ગખંડમાં રહીને દેશના ભાવિ નાગરિકો અને રાષ્ટ્રના ચરિત્રનું ઘડતર કરે છે. વાઇસ પ્રેસિડેન્ટ પુષ્પદાનભાઇ ગઢવીએ વખતસિંહ જાડેજાના આશીર્વાદ અને સ્મરણ સાથે શિવશક્તિ વિદ્યાસંકુલના ઇતિહાસ, સંસ્થાકીય મૂલ્યો અને શિક્ષણ ક્ષેત્રે થયેલી પ્રગતિનો વિસ્તૃત પરિચય આપ્યો હતો.

મુખ્ય અતિથિ યોગેન્દ્રસિંહ રાઠોડે વક્તવ્યમાં તાલીમાર્થીઓને રાષ્ટ્રનિર્માણમાં શિક્ષકની અહમ ભૂમિકા, શિસ્ત અને સમર્પણ વિશે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે વર્તમાન સમયની દોડધામ વચ્ચે તણાવમુક્ત રહીને આંતરિક મૂલ્યો સાથે એક સંતુલિત અને શાંતિપૂર્ણ જીવન કેવી રીતે જીવવું તે અંગે વિચારો રજૂ કર્યા હતા. સંચાલન-આભારદર્શન કોલેજના આચાર્યા ડો. પલ્લવી શાહ દ્વારા કરવામાં આવ્યા હતા.

# કચ્છી બિનનિવાસી દાતાઓ દ્વારા ભુજમાં મેડિકલ મોલ શરૂ કરવા સંકલ્પ

■ કેન્યાના દાતાઓ દ્વારા મોટા પાયે સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે

નૈરોબી, તા. ૨૬ : એક સમય હતો, જ્યારે કચ્છના સેવાભાવી સમાજસેવી કાર્યકરો રાહતભાવે મેડિકલ દવાઓ આપવાનું શરૂ કર્યું, ત્યારે કચ્છમાં ઉહાપોહ મચ્યો હતો અને સેવા સામે વિરોધ શરૂ થયો, પણ વડીલોએ મચક ન આપી તે રીતે દવાઓ અને સાધનો સાથેનો મેડિકલ મોલ મોટાપાયે શરૂ કરવા નૈરોબી ખાતે તખ્તો તૈયાર કરાયો છે, જેનો લાભ કચ્છને મળનારો છે.

અબજોનું ટર્નઓવર અને બેફામ એમઆરપી સાથે હોસ્પિટલ અને ડોકટરોનો ખર્ચ દવાઓમાંથી નીકળી રહ્યો છે, આ દોડમાં બિઝનેસ માઇન્ડેડ સંચાલકોએ સેવાભાવી હોસ્પિટલોને પણ દોડાવી રહ્યા છે, જેથી સેવાનો હાર્દ જ બચ્યો નથી દર્દી જાય તો ક્યાં જાય ? ડોક્ટર, દવાખાના અને દવા ઉત્પાદક કંપનીઓના કુચક્રમાં લોકો ફસાઈ ગયા છે. સરકારે પણ બેફામ ભાવ લખવા છૂટ આપી છે, જેના કારણે પવિત્ર એવો આરોગ્ય સેવાનો ભાવ પલટી ચૂક્યો છે. ભાવ આસમાને છે જે દવા ૭૦૦૦માં મળે તેના ૨૨૦૦૦ અને ૧૯૦૦૦ ઇન્જેક્શનના ૬૯૦૦૦ લેવાતા હોવાના પુરાવા છે. તેમાંય જ્યારથી મેડિકલ ઇન્શ્યોરન્સ અને આયુષ્યમાન કાર્ડ શરૂ થયા છે, ત્યારથી આ સેક્ટરમાં બેઈમાની તીવ્ર બની છે દર્દીઓને લૂંટાતા બચાવવા કચ્છી દાતાઓ મોટા દાન સાથે આગળ આવ્યા છે અને ભુજમાં રાહત અને વિશ્વસનીય દરે મેડિકલ મોલ શરૂ કરાશે. કાર્યને વિઘ્નરૂપ તત્ત્વો સામે લોકોની વ્યાપક જાગૃતિ ઊભી કરાશે, જેથી તબીબો કે દવાખાનાના અપપ્રચારને નેસ્ત નાબૂદ કરી શકાય. સમગ્ર સેવા કાર્ય માટે ચોવીસીના મેડિકલ ક્ષેત્રના જેન ઝીને જોડવામાં આવશે સાથે સેવાભાવી તબીબોનું સંગઠન રચી આરોગ્ય સેવામાં સમજનારા વર્ગને સંચાલનનો ભાગ બનાવશે, જેથી શુભ કાર્યને આગળ વધારવામાં મદદરૂપ બને. જે રીતે કૃષિમોલ છે તે રીતે માત્ર સંચાલન ખર્ચ જેટલો જ તફાવત રાખી બાકીનો તમામ લાભ દર્દીઓને આપવાની આયોજકોની ભાવના છે, જેને સફળ બનાવવા તમામ કચ્છીઓને આહવાન કરાયું છે.

# ગાંધીધામ કોર્પોરેશનની પીએમસીની ટેન્ડર પ્રક્રિયા વિવાદોમાં આવી

■ મેઘપર બોરીચીની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થઇ નથી, ત્યાં દેહરાદૂનમાં પ્રમાણપત્ર રજૂ કરનારી એજન્સી આવી શંકાના દાયરામાં

ગાંધીધામ, તા. ૨૬ : ગાંધીધામ મહાનગરપાલિના વિવાદ પાછળ માહિતી એજન્સીઓને ટેન્ડર મારફતે કામો અપાવવાનું હોવાનું જાણકારો કહી રહ્યા છે. પીએમસી એટલે કે પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ માર્ગો તથા અન્ય વિકાસકામોનું આયોજન ઘડે છે, ત્યારપછી ટેન્ડર પ્રક્રિયા ઉપર તે નજર રાખતી હોવાના દાવા કરે છે અને તેના બદલામાં મહાનગરપાલિકા પાસેથી લાખો રૂપિયા એજન્સીઓ વસૂલે છે તેમ છતાં જમીન ઉપર કામો બરાબર થતાં નથી. કોન્ટ્રાક્ટર અને પીએમસી એજન્સીઓની મિલીભગતથી લોકોના ટેક્સના કરોડો રૂપિયાનાં કામોની ગુણવત્તા સાથે બાંધછોડ થાય છે. તેવા આક્ષેપો જાગૃત નાગરિકો કરી રહ્યા છે.

પીએમસી માટેની ટેન્ડર પ્રક્રિયામાં લગભગ ૧૯ ટેન્ડર આવ્યાં હતાં, તેમાંથી ચાર ડિસક્વોલિફાઈ કરવામાં આવ્યા હોવાની ચર્ચા છે અને તેમાં વિવાદ છે. ખાસ કરીને મેઘપર બોરીચી અને મેઘપર કુંભારડીને પાણી તથા ગટરની ટેન્ડર પ્રક્રિયા હજી પૂર્ણ નથી થઈ અને ઉત્તરાખંડ પેયજળ શંસાધન વિકાસ એવમ નિર્માણ નિગમ કાર્યાલય શાખામાં પ્રમાણપત્ર રજૂ કરનારી પીએમસી એજન્સી પણ ક્વોલિફાઇડ થઈ હોવાની ચર્ચા છે. આ પ્રકરણમાં હજુ સુધી જે ઇજનેરે પ્રમાણપત્ર સહી કરીને આપ્યું છે તેની સામે કોઈ પગલાં લેવાયાં નથી, પ્રમાણપત્ર ખોટું લેવાયું હોય, તો પોલીસ ફરિયાદ કરવી પણ જરૂરી છે, પરંતુ હજુ સુધી વહીવટીતંત્ર દ્વારા આ મામલામાં કોઈ પગલાં ભરાયાં નથી. ક્રોસ વેરિફિકેશન માટે મેઈલ આવતા આખો ભાંડો ફૂટ્યો હતો, પરંતુ આ પીએમસી ટેન્ડર પ્રક્રિયામાં વિવાદ હોવાની લોબીમાં ચર્ચા છે. આ મામલામાં તપાસ થાય તેવી માંગ જાગૃત નાગરિકો અને જાણકારો કરી રહ્યા છે.

## ગઢશીશામાં નર્મદાનાં નીરનો વેડફાટ...



નખત્રાણા તરફ જતા મુખ્ય માર્ગ પર પેટ્રોલ પંપ પાસે નર્મદાના એરવાલમાંથી છેલ્લા કેટલાક દિવસોથી પાણીનો મોટો જથ્થો વેડફાઈ રહ્યો છે. આ અંગે તંત્રને જાણ પણ કરાઈ હોવા છતાં કોઈ પગલાં ન લેવાયા હોવાનું જાગૃત નાગરિકો દ્વારા જણાવાયું છે. એક બાજુ મેઘરાજા રિસામણે છે અને લોકો પાણી બચાવવા જાગૃત બન્યા છે, આવા સમયે પાણીનું એક એક ટીપું પણ અમૃત સમાન ગણાવી શકાય ત્યારે આવાં પાણીની બચત ખાસ જરૂરી છે. **(તસવીર : જિજ્ઞેશ આચાર્ય)**

# ગાંધીધામના મકાનમાંથી ૧.૯૬ લાખનો દારૂ જપ્ત

ગાંધીધામ, તા. ૨૬ : શહેરના સપનાનગર વિસ્તારમાં એક મકાનમાંથી પોલીસે રૂા. ૧,૯૬,૫૪૯નાં અંગ્રેજી શરાબ સાથે એક શખ્સને પકડી પાડ્યો હતો. શહેરના સપનાનગર એન.યુ.-૪, મકાન નંબર ઈ-૫૩માં ભાડેથી રહેનાર જીતેન્દ્ર પરસોત્તમ ભાટિયાની પોલીસે ધરપકડ કરી હતી. આ શખ્સના કબજાના આ મકાનની તલાશી લેવા માટે આવી હતી, જેમાં બ્લેન્ડર્સ પ્રાઈડ, રોયલ ચેલેન્જ, એન્ટીક્યૂટી, સિગ્નેચર, મેજીક મોમેન્ટ, સ્મર્નઓફની કુલ નાની-મોટી બોટલો ૩૧૨ કિંમત રૂા. ૧,૯૬,૫૪૯નો દારૂ જપ્ત કરાયો હતો. આ દારૂ તેણે રાજસ્થાનના યોગેશ નામના શખ્સ પાસેથી મગાવ્યો હતો અને ગઈકાલે કારમાં શખ્સ તેને આ દારૂ આપી ગયાનું બહાર આવ્યું હતું. બનાવની અગાળની તપાસ પોલીસે હાથ ધરી છે.





અંજાર ટાઉનહોલ ખાતે અંજાર મુસ્લિમ કચ્છી ખત્રી યુવક મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું ત્યારની તસવીર.

# અંજાર મુસ્લિમ કચ્છી ખત્રી યુવક મંડળના ઉપક્રમે ૨૬મો વાર્ષિક ઈનામ વિતરણ સમારંભ

■ તેજસ્વી તારલાઓનું અભિવાદન: ચાર વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ : અગ્રણીઓની ઉપસ્થિતિ

અંજાર, તા. ૨૬ : અહીંના મુસ્લિમ કચ્છ ખત્રી યુવક મંડળ દ્વારા ૨૬મો વાર્ષિક ઈનામ વિતરણ સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆત અરશદ રિઝવાને તિલાવતે કુર્આનથી કરાવામાં આવી હતી. નાતનઝમ રિદા અનિષાએ રજૂ કરી હતી, સ્વાગત ઉદ્‌બોધન સંસ્થાના પ્રમુખ મુસ્તાક અબ્દુલલતીફે આપ્યુ હતું, સમીર આમદે સંસ્થાનો પરિચય આપ્યો હતો, તારિક નજીરે હિસાબો રજૂ કર્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે શાળામાં ઉતીર્ણ થયેલા છાત્રો, વિશિષ્ટ સિદ્ધિ મેળવનારાનું સન્માન કરાયું હતું, જેમાં ધો.૧૨ સાયન્સના ટોપર મોહિન જાવેદ, હાફિઝ અરશદ, અ.અહદનો સમાવેશ કરાયો હતો.

કાર્યક્રમ દરમ્યાન ચાર વિભાગમાં વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં નિર્ણાયક તરીકે અરશીદભાઈ, સલીમભાઈ તથા ઝહીરભાઈ રહ્યા હતા. ઉપસ્થિત મહેમોનું પણ સ્મૃતિચિહ્ન સાથે સન્માન કરાયું હતું. આ વેળાએ જાહેર પ્રશ્નોતરી કાર્યક્રમ પણ યોજાયો હતો. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સંસ્થાના સભ્યોએ સહકાર આપ્યો હતો. સંચાલન શફીભાઈ અને ફેસલે તથા આભારવિધિ જાવેદ મુસ્તાકે કરી હતી.

# ભુજની સંસ્થા દ્વારા શ્રાવણ માસના પ્રારંભે વિવિધ સેવાકાર્યો કરાયાં

ભુજ, તા. ૨૬ : નવચેતન ભગવાન મહાવીર માનવ કલ્યાણ કેન્દ્ર ભુજના ઉપક્રમે દાતાના સહયોગથી શ્રીમદ્ વિજય આનંદવર્ધન સૂરિશ્વરજી મ.સા. અને આત્મદર્શન સૂરિશ્વરજી મ.સાની પ્રેરણાથી શ્રાવણમાસ નિમિત્તે વિવિધ સેવાકાર્યો કરાયાં હતાં. પ્રથમ ચરણમાં ગૌવંશને નીરણ, શ્વાનોને દૂધ, રોટલી, ખીચડી, પક્ષીને ચણ, ૩૦૦ જેટલા શ્રમજીઓને ભોજનનું વિતરણ કરાયું હતું. સંસ્થાના મોભી વી.જી મહેતાના નેતૃત્વમાં પ્રો.ચે. હિરેન દોશી, શાંતિલાલ મોતા, વિજય મહેતા, ધવલ ઠક્કર, પ્રદીપભાઈ દોશી, ઓજશ શેઠ વિગેરે જોડાયા હતા.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અરજીઓ આમંત્રિત કરતી સૂચના**

**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન પર જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS) ના ઓથોરાઈઝેશન માટે અરજીઓને આમંત્રણ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, અમદાવાદ વખતો વખત પ્રસ્તાવિત શરતો મુજબની સૂચિત કક્ષાની સામે દર્શાવેલ **ઉંમરના ૧૮ વર્ષ** પુરા કરી ચુકેલ વ્યક્તિ પાસેથી કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટ સિસ્ટમ મારફતે અનરિઝર્વ્ડ રેલવે ટિકીટો ઈશ્યુ કરવા માટે નજનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS)" તરીકે કહેવાતા કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટ સિસ્ટમ (UTS) ટર્મિનલ્સના સંસ્થાપન અને સંચાલન માટે ઇચ્છુક અરજદારો પાસેથી અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે ખાતે નીચે જણાવેલા સ્થળો (સ્ટેશનો) ખાતે "જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS)" તરીકે નિંમણૂક કરવા માટે વહેલા તે પહેલાના ધોરણે અંગ્રેજી/હિન્દીમાં સીલબંધ અરજીઓ આમંત્રિત કરે છે.

| અનું. નં. | સ્થળો (સ્ટેશનો) | અમદાવાદ ડિવિઝન પર JTBS (એજન્ટ્સ)ની આવશ્યકતા | |
|---|---|---|---|
| | | JTBS ખાલી જગ્યાઓ | અનામતો |
| ૧ | અમદાવાદ | ૦૫ | ADI 1- GEN, ADI 2 –OBC, ADI 3 – GEN, ADI 4 –ST, ADI 5- SC |
| ૨ | અસારવા | ૦૧ | GEN |
| ૩ | મણીનગર | ૦૧ | GEN |
| ૪ | સાબરમતી BG(SBIB) | ૦૨ | SBIB 1- OBC, SBIB 2- GEN |
| ૫ | ચાંદલોડિયા | ૦૧ | ST |
| ૬ | સાબરમતી જંકશન (SBT) | ૦૧ | GEN |
| ૭ | કલોલ | ૦૧ | SC |
| ૮ | ગાંધીધામ | ૦૧ | GEN |
| ૯ | મહેસાણા | ૦૧ | SC |
| ૧૦ | પાલનપુર | ૦૧ | GEN |
| ૧૧ | ભુજ | ૦૧ | OBC |
| ૧૨ | પાટણ | ૦૧ | GEN |
| ૧૩ | હિંમતનગર | ૦૧ | GEN |
| ૧૪ | વટવા | ૦૧ | લઘુમતી |
| ૧૫ | ગાંધીનગર કેપીટલ | ૦૧ | GEN |
| ૧૬ | વડનગર | ૦૧ | OBC |
| ૧૭ | ભાભર | ૦૧ | લઘુમતી |
| | કુલ | ૨૨ | |

#OBC-અન્ય પછાત વર્ગ, GEN-જનરલ, SC-અનુસૂચિત જાતી, ST-અનુસૂચિત જનજાતી, Min.-લઘુમતી

| અનું. નં. | યોગ્યતા માપદંડ | રજૂ કરવાના પ્રમાણિત દસ્તાવેજી પૂરાવા |
|---|---|---|
| ૧ | અરજદાર શહેર/જિલ્લાની મ્યુનિસિપલ હદનો રહેવાસી હોવો જોઈએ કે જેમાં JTBS નિમવાના છે. | નામ અને સરનામું દર્શાવતા રેશનકાર્ડ/નામ અને સરનામું દર્શાવતા વીજળીનું બિલ/નામ અને સરનામું દર્શાવતા મકાન વેરા ચુકવણીની રસીદ/અરજદારનું મતદાન ઓળખ કાર્ડ/સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કોઈપણ અન્ય રહેણાંક પુરાવાની નકલ. |
| ૨ | અરજદાર ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવો જોઈએ અને અંગ્રેજીનું કાર્યકારી જ્ઞાન હોવું જોઈએ. | ૧૦મા ધોરણની માર્કશીટ અથવા તેની ઉપરની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની નકલ |
| ૩ | અરજીની તારીખે અરજદારે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઈએ. | શાળા છોડ્યાના પ્રમાણપત્ર/ડ્રાઈવિંગ લાઈસન્સ/આધાર કાર્ડ અથવા જન્મ તારીખ દર્શાવતા સમાન દસ્તાવેજોની નકલ. |
| ૪ | અરજદારનો કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવો જોઈએ. | અરજી જમા કરાવતા સમયે નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવેલ ઈ-ક્લિયરન્સ પ્રમાણપત્ર સહિત ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ/એડિશનલ ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ/ BDO અથવા મામલતદાર પાસેથી મેળવેલ ચારિત્ર્ય પ્રમાણપત્રની મૂળ નકલ જમા કરાવવાની રહેશે. |
| ૫ | UTS ઈશ્યૂ માટે પસંદ કરેલી જગ્યા સરળતા થી સુલભ છે અને પુરતી સુવિધાઓ (વિજળી, પાણી, શૌચાલય, પાર્કિંગ, વગેરે) સહિત છે. | વિસ્તારનો ઉલ્લેખ કરતા અને ઉપલબ્ધ સુવિધાઓ દર્શાવતા પરિસરનો સ્કેચ જમા કરાવવાનો રહેશે. |
| ૬ | યોગ્ય સ્થાનિક પ્રાધિકરણ પાસે થી જગ્યાની ફરજિયાત મંજુરી | a. મ્યુનિસિપલ પ્રાધિકરણ/ઉદ્યોગ આધાર, જો કોઈ હોય તો પાસે થી શોપ એક્ટ લાઈસન્સ |
| | | b. સ્થાનિક પ્રાધિકરણ પાસે થી NOC |
| | | c. કોઈપણ અન્ય સંબંધિત સહાયક દસ્તાવેજો |

અનામત કક્ષાના અરજદારોને એવી કક્ષાથી સંબંધિત દસ્તાવેજો જમા કરાવવા આવશ્યક છે. દસ્તાવેજ સક્ષમ પ્રાધિકરણ દ્વારા ઈશ્યુ કરાયેલા હોવા જોઈએ.

પસંદ કરાયેલ અરજદારો જેમને JTBS તરીકે નિમવામાં આવશે તેમણે કોન્ટ્રાક્ટના સમયગાળા દરમિયાન ઉદભવી શકે તેવા લેણાં વિરૂદ્ધ સિક્યોરીટી ડિપોઝીટ પરત્વે બેંકર્સ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં એક વખત ₹ ૨૫,૦૦૦/- જમા કરાવવાના રહેશે. કોન્ટ્રાક્ટ પૂર્ણ/સમાપ્ત થવા પર, બાકી લેણા સિક્યોરીટી ડિપોઝીટમાંથી સમાયોજીત કરવામાં આવશે અને બાકીની રકમ JTBS ને પરત કરવામાં આવશે.

અરજી ફોર્મ્સ રેલવેની વેબસાઈટ https://wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. અરજી ફોર્મ મુજબની યોગ્યતા સંતોષતા દસ્તાવેજી પુરાવા સહિતની હાલનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડેલી અરજી, **ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)ની ઓફિસ, ચામુંડા માતા મંદિરની પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની સામે, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૫** ખાતે સમાચાર પત્રમાં સૂચના પ્રકાશિત થયાની તારીખ થી ૩૦ દિવસની અંદર મળી જવા જોઈએ.

અરજી સીલબંધ કવરમાં ઉપરિલિખીત **"જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS) ની નિમણુંક માટેની અરજી"** હોવી જોઈએ અને **૨૮/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬.૦૦ કલાક** સુધી અથવા એ પહેલાં માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ મારફતે મોકલવાની રહેશે. કોઈપણ ટપાલ વિલંબ માટે રેલવે જવાબદાર રહેશે નહીં. અપૂર્ણ અરજી સ્પષ્ટપણે નકારી દેવામાં આવશે.

**તા.૨૮-૦૯-૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક પછી કોઈ પણ અરજી સ્વિકારવામાં આવશે નહિં અને આ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિં.**

ADI-146

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

કચ્છમિત્ર Appointment JOB

**જોઈએ છે**

- **સિવિલ એન્જિનિયર્સ-૨ (ઈન્ડસ્ટ્રીયલ સિવિલ કાર્યમાં ૫-૬ વર્ષનો અનુભવ)**
  (B.E (Civil), B.Tech (Civil), Diploma (Civil)
- **સાઈટ સુપરવાઈઝર્સ-૨ (ઈન્ડસ્ટ્રીયલ સિવિલ વર્કમાં ૨-૩ વર્ષનો અનુભવ)**
  (B.E (Civil), B.Tech (Civil), Diploma (Civil)
- **બિલીંગ આસિસ્ટન્ટ-૧ (એક્સેલ, ઓટોકેડ, અને બિલીંગનું પ્રાથમિક જ્ઞાન જરૂરી ૨-૩ વર્ષનો અનુભવ)**
  (B.E (Civil), B.Tech (Civil), Diploma
- **સર્વેયર-૩ (ટોટલ સ્ટેસનનું જ્ઞાન જરૂરી ૪-૫ વર્ષનો અનુભવ)**
  (B.E (Civil), B.Tech (Civil), Diploma (Civil)

પ્રોજેક્ટ સ્થળ ભુજ, કચ્છ ગુજરાત

તમારો અપડેટ કરેલો બાયોડેટા મોકલો

**admin@aakarinfraprojects.com**
**WhatsApp: +91 7984670915**

**જોઈએ છે : ભુજ માટે**

- **સેલ્સ એક્ઝીક્યુટીવ્સ** :૧૨પાસ / ગ્રેજ્યુએટ (૪ વ્હીલર લાયસન્સ જરૂરી)
- **કસ્ટમર કેર મેનેજર**:(મેલ - ફીમેલ) અનુભવીને પ્રથમ પસંદગી
- **કેશીયર**:(ફીમેલ)
- **ટેલીકોલર** : (ફીમેલ)
- **ઈવેલ્યુએટર્સ** : (૪ વ્હીલર લાયસન્સ જરૂરી)
- **POC / સેલ્સ** :(૪ વ્હીલર લાયસન્સ જરૂરી)
- **સર્વિસ એડવાઈઝર્સ**: (Dip./Degree - મિકેનિકલ/ઓટોમોબાઈલ)
- **ITI મેકીનીક્સ** :(ITI - MMV / D.M)

ઉપરોક્ત પોસ્ટ માટે ફ્રેશર આવકાર્ય છે

‹ આકર્ષક સેલેરી + ઈન્સેન્ટીવ* ›

વોક-ઈન ઈન્ટરવ્યુ તા.૨૭/૮/૨૬ ગુરૂવારથી તા.૩૧/૮/૨૬ સોમવાર
સમય: સવારે ૧૦.૩૦ થી ૧.૦૦ સાંજે ૪.૩૦ થી ૭.૦૦

**K.D. મોટર્સ** | ભુજ - મીરઝાપર હાઈવે, ભુજ
M. 9909953981

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**RUBની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/31 (2026-27) તારીખ: 25.08.2026
ટેન્ડર નં. TRD-ADI-T-24R-2026-27

**કામનું નામ:** પાલનપુર-સામાખિયાળી સેક્શનમાં કર્વ્ડ એપ્રોચવાળા રોડ અન્ડર બ્રિજની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતર:** ₹ ૬૯,૮૪,૨૪૬/- **અર્નેસ્ટ મની:** ₹ ૧,૩૯,૭૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય: તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને **તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in ADI-147

અમને લાઇક કરો: facebook.com/WesternRly

કચ્છમિત્ર
એપોઇન્ટમેન્ટ
અઠવાડિયામાં ત્રણ દિવસ
મંગળવાર ગુરૂવાર શનિવાર
ભાવ B/W રૂા. ૩૬૦/- પ્રતિ કો. સે.મી. *5% GST EXTRA
: વધુ માહિતી માટે સંપર્ક :
જાહેરખબર વિભાગ, કચ્છમિત્ર કાર્યાલય, ઈન્દ્રાબાઈ પાર્ક પાસે, ભુજ.
વોટ્સ એપ/મોબાઈલ નંબર : ૮૪૬૯ ૩૦ ૩૨ ૩૩

Welspun CORP **વેલસ્પન કોર્પ લિમિટેડ**
(CIN-L27100GJ1995PLC025609)
રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ : વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦
ટેલિ : +૯૧ ૨૮ ૩૬૬૬ ૨૨૨૨
કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ : ૦૨૨-૨૪૯૦ ૮૦૦૦
ઈમેઈલ : CompanySecretary_WCL@welspun.com, www.welspuncorp.com

**પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવાની અરજી પુનઃ રજૂ કરવાની વિશેષ બારી**

આથી કંપનીના શેરધારકોને જાણ કરવામાં આવે છે કે સેબીના પરિપત્ર જાન્યુઆરી ૩૦, ૨૦૨૬ના 'ઇઝ ઓફ ડુઇંગ ઇન્વેસ્ટમેન્ટ - કંપનીના પ્રત્યક્ષ ડીમટીરીયલાઇઝેશન સિક્યોરિટીઝ' શેર ટ્રાન્સફર અરજી પુનઃ રજૂ કરવાની બારી ફેબ્રુઆરી ૫, ૨૦૨૬થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૭ સુધી વિશેષ બારી ખુલ્લી રહેશે. જેમાં ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં રદબાતલ / પરત / ત્રુટિનાં કારણે કે અધૂરા દસ્તાવેજનાં કારણે પ્રક્રિયા થઇ શકી નહોતી.

ફક્ત અગાઉ રજૂ કરવામાં આવેલ કિસ્સાઓ માન્ય રહેશે, જે સફળ ખરાઇ થયેથી ડીમટીરીયલાઇઝ સ્વરૂપે ટ્રાન્સફર કરાશે. તેથી શેરધારકોએ અસલ શેર પ્રમાણપત્ર, ટ્રાન્સફર ડીડ, કેવાયસી તથા અન્ય નિયત દસ્તાવેજ કંપનીના રજિસ્ટ્રારને સંબોધીને શેર ટ્રાન્સફર એજન્ટ- એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (આરટીએ)ને મોકલવાના રહેશે.

વધુ માહિતી માટે સેબી પરિપત્ર ચકાસીને www.sebi.gov.in અથવા આરટીએ એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રઇવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૩, ઇમેઇલ: rnt.helpdesk@in.mpms.mufg.com, ટેલિ: +૯૧ ૮૧૦૮૧૧૬૭૬૭નો સંપર્ક સાધવા વિનંતી.

સ્થળ : મુંબઈ
તારીખ : ઓગસ્ટ ૨૬, ૨૦૨૬

વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
કલમ રાઠી, કંપની સેક્રેટરી

# કચ્છ સરહદે સાંસદ વિનોદ ચાવડાએ બીએસએફના જવાનો સાથે ઉજવ્યો રક્ષાબંધન પર્વ

**અબડાસાના અકરી મોટીની બીએસએફ ચોકીના ૧૯૩ બટાલિયનના જવાનોનો ઉત્સાહ વધાર્યો**









નલિયા - કચ્છઉદય : કચ્છ સરહદે કચ્છ મોરબી સાંસદ વિનોદભાઈ ચાવડાએ બીએસએફના જવાનો સાથે રક્ષાબંધન પર્વની ઉજવણી કરી જવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.

છેલ્લા ૧૩ વરસથી વિવિધ તહેવારો જવાનો સાથે ઉજવતા કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાએ અબડાસાના અકરી મોટીની બીએસએફ કોસ્ટલ ચોકી મધ્યે ૧૯૩ બટાલિયનના જવાનો સાથે રક્ષાબંધન પર્વ ઉજવ્યો હતો.આ પ્રસંગે તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દરેક તહેવાર જવાનો સાથે ઉજવે છે તેમની પ્રેરણા લઈ તેઓ સરહદ પર જઈ જવાનો સાથે દરેક પર્વ ઉજવતા હોવાનું જણાવી દેશસેવામાં રહેલા જવાનો તહેવારોમાં પોતાના પરિવાર સાથે પર્વો ઉજવી શકતા નથી તેમને પરિવાર જેવો વાતાવરણ મળે તેવા હેતુથી છેલ્લા ૧૩ વરસથી તેઓ જવાનોનો ઉત્સાહ વધારવા દરેક પર્વ તેમની સાથે ઉજવતા હોવાનું જણાવ્યું હતું. ભારત તહેવારોનો દેશ છે. આપણે ધાર્મિક, સામાજીક અને રાષ્ટ્રીય તહેવારો ઉજવીએ છીએ તેમાં પણ ભાઈ-બહેનના પ્રેમનું પ્રતિક રક્ષા બંધનના દિવસે બહેન ભાઈની કલાઈ પર રાખડી બાંધીને આશિષ આપે છે અને ભાઈ બહેનના સુખ-દુ:ખમાં સહભાગી થવાનું વચન આપે છે તેમ જણાવતા સાંસદ વિનોદભાઈએ જણાવ્યુ હતુ કે, પવિત્ર દિવસને બળેવ તરીકે પણ ઓળખાય છે. પવિત્ર દિને બ્રાહમણો જનોઇ બદલે છે. માછીમારો દરિયા દેવની પુજા કરે છે.

આપણી અને આપણા માં ભોમની રક્ષા કરતાં સરહદના સંત્રીઓ પણ કોઈ બહેનના ભાઈ છે. રક્ષા બંધનના વતનથી દુર, બિહામણા રણ પ્રદેશ, દરિયા કિનારે અથવા સરહદે સતત હાજર રહી સરહદના સંત્રીઓને તેમના દીલને પણ ઓછું ન લાગે માટે દર વર્ષે લોક પ્રતિનિધિઓ સંગઠન અને સાથી મિત્રો સાથે વિવિધ બોર્ડર ચેક પોસ્ટ પર જઇ તેમના ખમીર - સેવા અને સુરક્ષાને બિરદાવી સાથે આવેલ બહેનો દ્વારા તેમનું મોઢું મીઠું કરાવી રક્ષા સુત્ર બાંધી તેમને આશિષ પાઠવમાં આવે છે તેમ શ્રી ચાવડાએ જણાવ્યું હતુ. ૧૯૩ બટાલિયનના કંપની કમાન્ડર જગબીરસિંહ બદવારએ તેમનું સ્વાગત કર્યું હતું. તેમને જીલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ પારૂલબેન કારાએ રાખડી બાંધી હતી.ડેપ્યુટી કમાન્ડન્ટ રાકેશપતિ કુશવાહાને જિલ્લા ભાજપ મંત્રી નયનાબેન પટેલે અને આસી.કમાન્ડન્ટ આશિષકુમાર વર્માને ભુજ તાલુકા પંચાયત પ્રમુખ લક્ષ્મીબેને રાખડી બાંધી હતી. બીએસએફની મહિલા કોન્સ્ટેબલ જવાનોએ વિનોદભાઈ ચાવડાને રક્ષાસૂત્ર બાંધ્યું હતું. દરેક જવાનોને મહિલા મોરચાની બહેનોએ રાખડી બાંધી હતી. મીઠાઈ અર્પણ કરી શાલ ઓઢાડી જવાનોનું સન્માન ઉપસ્થિત આગેવાનોના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરસિંહ જાડેજા, અબડાસા તાલુકા પંચાયત પ્રમુખ જયેન્દ્રસિંહ કે.જાડેજા, તાલુકા ભાજપ પ્રમુખ જયદીપસિંહ જાડેજા, મહામંત્રી ગોપાલભાઈ ગઢવી, કારોબારી ચેરમેન ચંદનસિંહ રાઠોડ, જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનિષભાઈ બારોટ, જિલ્લા બીજેપી કિસાન મોરચા મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, અનુભા જાડેજા, જાગૃતિબેન ઠક્કર, નીતિન પટેલ, લખપતનાં રાજુભાઈ સરદાર, હિતેષભાઇ ગોસ્વામી, વિરમભાઈ આહિર, કમલભાઈ ગઢવી, જયંતભાઈ ઠક્કર, નીતાબેન ઠક્કર, ઈલાબેન ચાવડા, યોગેશ ત્રિવેદી, પ્રકાશભાઈ મહેશ્વરી, યુગરાજસિંહ સરદાર, અલ્પેશભાઈ પટેલ, ચેતનભાઈ ઠક્કર, રાજુભાઈ રબારી, રાજેશભાઈ રબારી, રમેશભાઈ રબારી, ગોકુલભાઈ ડાંગર, શૈલેષભાઈ ચૌહાણ, લક્ષ્મીબેન ખેતાણી, નયનાબેન પટેલ, અબડાસ તાલુકા સભ્ય નંદિનીબેન સોલંકી, અબડાસા બીજેપી મહિલા મોરચા પ્રમુખ સંગીતાબેન ગોસ્વામી, તાલુકા બીજેપી મંત્રી પુષ્પાબેન દરજી સહિતના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન અને આભારવિધિ જિલ્લા ભાજપ મંત્રી પરેશભાઈ ભાનુશાલીએ કરી હતી.

# કચ્છમાં દુષ્કાળ જેવા ઓછાયા વચ્ચે તંત્ર એક્શન મોડમાં : નવા ડેપો શરૂ કરવાનો નિર્ણય

**જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં તાલુકાવાર સ્થિતિની સમીક્ષા કરાઈ : જરૂરિયાત મુજબ ત્વરિત વિતરણ વ્યવસ્થા ઉભી કરવા આદેશ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ વર્ષે નહિવત વરસાદને કારણે પાણી અને ઘાસચારાની ઉભી થયેલી ગંભીર સમસ્યાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. સ્થિતિની ગંભીરતા સમજીને જિલ્લા કલેક્ટર અનિલ રાણાવસિયા દ્વારા એક અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ પ્રાંત અધિકારીઓ, મામલતદારો અને તાલુકા વિકાસ અધિકારીઓને પોતપોતાના વિસ્તારમાં ઘાસચારાની વર્તમાન માગ સંદર્ભે ત્વરિત અહેવાલ રજૂ કરવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક સ્તરેથી મળનારી માગણીના આધારે ટૂંક સમયમાં જ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નવા ઘાસ ડેપો કાર્યરત કરવામાં આવશે, જેથી પશુપાલકોને મોટી રાહત મળી રહે.

આ વર્ષે કચ્છ જિલ્લામાં સરેરાશ માત્ર ૨૯.૨૯ ટકા જેટલો અત્યંત ઓછો વરસાદ નોંધાયો છે, જેમાં તાલુકાવાર ભારે વિષમતા જોવા મળી છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ રાપર તાલુકામાં ૬૭.૨૮ ટકા નોંધાયો છે, જ્યારે સૌથી કફોડી સ્થિતિ પશ્ચિમ કચ્છની છે. અબડાસા તાલુકામાં મોસમનો સૌથી ઓછો માત્ર ૧૦.૨૮ ટકા, માંડવીમાં ૧૬.૫૮ ટકા, અંજારમાં ૧૭.૨૯ ટકા અને લખપતમાં ૨૦ ટકા જ વરસાદ થયો છે. આ ઉપરાંત નખત્રાણામાં ૨૭.૮૭ ટકા, મુન્દ્રામાં ૨૫.૬૫ ટકા અને ભુજમાં ૩૨.૭૦ ટકા વરસાદ નોંધાતાં પશ્ચિમ કચ્છના વિસ્તારોમાં પાણી અને ઘાસચારાની અછત વધુ વિકટ બની છે.

ઉલ્લેખનીય છે કે, આ અગાઉ તંત્ર દ્વારા ૧૭ જુલાઈથી ૩૧ જુલાઈ દરમિયાન કચ્છમાં આશરે ૧૮ હજાર ઘાસ કાર્ડ બનાવીને ૧૧ લાખ કિલોથી વધુ ઘાસનું સફળતાપૂર્વક વિતરણ કરવામાં આવ્યું હતું. હવે જ્યારે વરસાદ ખેંચાતાં સ્થિતિ વધુ ચિંતાજનક બની છે, ત્યારે હાલની ગંભીર પરિસ્થિતિ અને ઘાસની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને નવા ઘાસ ડેપો ખોલવાની પૂરજોશમાં તૈયારીઓ આરંભી દેવાઈ છે.

આ સાથે જ જિલ્લા કલેક્ટરે ઘાસચારાની સાથે પાણીની ભારે અછત ભોગવી રહેલા ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે પણ સંબંધિત સરકારી વિભાગોને તાકીદની સૂચનાઓ આપી છે.

# ઉકળાટ વધ્યો : ભુજ અને અંજાર-ગાંધીધામ રાજ્યમાં સૌથી ગરમ

**પશ્ચિમ કચ્છમાં પાણીની ભારે કટોકટી અને ડેમોના તળિયા દેખાતાં ખેડૂતો ચિંતાતુર : મોડે મોડે પણ પાછોતરો વરસાદ વરસશે તેવી કચ્છીજનોને આશા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ અઠવાડિયાથી પણ વધુ સમયથી મેઘરાજાએ વિરામ લેતાં સમગ્ર પંથકમાં ભારે ઉકળાટ અને બફારાનું સામ્રાજ્ય છવાઈ ગયું છે. હવામાન વિભાગના વર્તારા મુજબ આગામી દસ દિવસ સુધી જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડે તેવી શક્યતાઓ નહિવત છે, જેના કારણે કચ્છીજનોની ચિંતામાં મોટો વધારો થયો છે. વાદળોની અવારજવર ઘટવા સાથે સામાન્ય છાંટા પડવાની પ્રક્રિયા પણ પૂર્ણપણે બંધ થઈ જતાં તાપમાનનો પારો સતત ઊંચકાઈ રહ્યો છે. તાજેતરમાં અંજાર અને ગાંધીધામ સંયુક્ત વિસ્તાર ૩૫.૪ ડિગ્રી મહત્તમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ મથક નોંધાયો હતો, જ્યારે જિલ્લા મથક ભુજ ૩૪.૮ ડિગ્રી તાપમાન સાથે રાજ્યમાં બીજા ક્રમે સૌથી ગરમ શહેર બન્યું હતું.

ચાલુ મોસમમાં અત્યાર સુધી કચ્છમાં મોસમનો માત્ર ૨૯ ટકા જેટલો નજીવો વરસાદ નોંધાયો છે, જેમાં પણ પશ્ચિમ કચ્છની સ્થિતિ અત્યંત દયાજનક અને ચિંતાજનક બની ચૂકી છે. વરસાદના લાંબા ખેંચાણને લીધે જિલ્લાના નાના-મોટા જળાશયો અને ડેમોના તળિયા દેખાવા લાગ્યા છે, જેથી પીવાના પાણી અને સિંચાઈની ગંભીર સમસ્યા ઊભી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. હાલમાં કોઈ મજબૂત વરસાદી સિસ્ટમ સક્રિય ન હોવાનું હવામાન ખાતાએ સ્પષ્ટ કર્યું છે. આમ છતાં, ભૂતકાળમાં કચ્છમાં અનેકવાર ભાદરવા મહિનામાં સારો પાછોતરો વરસાદ વરસ્યો હોવાના અનુભવને આધારે કચ્છી માડુઓ હજુ પણ મેઘરાજા મોડે મોડે પધારીને સૂકી ભટ ધરાને તૃપ્ત કરશે તેવી આશા સેવી રહ્યા છે.

# કચ્છમાં વરસાદ ખેંચાતાં ખેતી પર ઘેરાતા સંકટના વાદળો : ૪.33 લાખ હેક્ટરનો પાક સૂકાવાની ભીતિ

**સિઝનનો સામાન્ય કરતાં નોંધપાત્ર ઓછો વરસાદ નોંધાતાં ખેડૂતો ચિંતિત : પરિસ્થિતિની સમીક્ષા માટે ખેતીવાડી અધિકારીઓની અગત્યની બેઠક યોજાશે**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં ચાલુ ચોમાસાની સિઝનમાં વરસાદના ભારે અભાવને કારણે ખેતી અને પશુપાલન પર મોટી આફત આવી પડી છે. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં સામાન્ય સરેરાશ કરતાં નોંધપાત્ર ઓછો વરસાદ નોંધાયો છે, જેના પરિણામે સમગ્ર જિલ્લાના ખેડૂતો અને પશુપાલકોમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે. જો આગામી એક સપ્તાહ સુધી વરસાદ હજુ પણ ખેંચાશે, તો ખેતરોમાં ઊભા પાકને વ્યાપક નુકસાન થવાની પૂરતી શક્યતાઓ સેવાઈ રહી છે. સામાન્ય રીતે કચ્છમાં વાર્ષિક સરેરાશ ૬.૫૦ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થતું હોય છે, પરંતુ ચાલુ વર્ષે વરસાદની ખેંચના લીધે માત્ર ૪૩૩૭૩૪ હેક્ટર વિસ્તારમાં જ વાવેતર નોંધાયું છે. આમ, શરૂઆતથી જ ૨.૫૦ લાખ હેક્ટર જેટલા વાવેતર વિસ્તાર પર સંકટ ઊભું થયું હતું, અને હવે સિઝનની અધવચ્ચે વરસાદ ગાયબ થઈ જતાં બાકીના ૪.૩૩ લાખ હેક્ટરમાં વવાયેલા પાક પર પણ ગંભીર જોખમ મંડરાઈ રહ્યું છે.

જિલ્લામાં ખાસ કરીને ૫૯,૦૭૮ હેક્ટરમાં મગફળી, ૨૧,૦૬૫ હેક્ટરમાં કપાસ તેમજ અન્ય રોકડિયા અને ઘાસચારાના પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. પરંતુ સમયસર અને પૂરતું પાણી ન મળવાને કારણે કપાસ, મગફળી અને માલઢોર માટે અત્યંત જરૂરી એવો ઘાસચારાનો પાક બળીને ભસ્મીભૂત થવાની ભીતિ ઊભી થઈ છે.

આ ગંભીર અને વિકટ પરિસ્થિતિને ધ્યાન ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આજે ખેતીવાડી અધિકારીઓની એક ખાસ અગત્યની બેઠક બોલાવવામાં આવી છે. આ બેઠકમાં સમગ્ર જિલ્લામાં વરસાદની વર્તમાન સ્થિતિ, ઊભા પાકની વાસ્તવિક પરિસ્થિતિ અને ખેડૂતોને પડી રહેલી મુશ્કેલીઓ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવશે. વહીવટી તંત્ર દ્વારા આ બેઠક બાદ નુકસાનીના આંકલન અને સંભવિત રાહત પગલાં અંગેની દિશા નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે.

## કચ્છમાં વરસાદ ખેંચાતાં ખેતીવાડી ક્ષેત્રે વીજ માંગનો રેકોર્ડ તૂટ્યો

**વીજ તંત્ર પર ભારે દબાણ : ઓગસ્ટમાં વીજ વપરાશમાં ૪૦ ટકાનો તોતિંગ ઉછાળો : કચ્છ - સૌરાષ્ટ્રમાં વપરાશ ૧૦ હજાર મેગાવોટે પહોંચતાં અનેક વિસ્તારોમાં શટડાઉનની સ્થિતિ**

ભુજ - કચ્છઉદય : સરહદી કચ્છ જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રદેશમાં ચાલુ ઓગસ્ટ માસ દરમિયાન વરસાદી ખેંચ અનુભવાતાં ખેતીવાડી ક્ષેત્રે પાણીના ઉપાડ માટે વીજ વપરાશમાં અભૂતપૂર્વ વધારો નોંધાયો છે. કચ્છના સીમાડાઓમાં પાકને બચાવવા માટે ખેડૂતો દ્વારા બોરવેલ અને સિંચાઈના સાધનોનો સતત ઉપયોગ થઈ રહ્યો છે, જેના પરિણામે સમગ્ર પ્રદેશમાં વીજ માંગે છેલ્લા પાંચ વર્ષનો નવો રેકોર્ડ સર્જ્યો છે. ચાલુ માસ દરમિયાન વીજ માંગમાં અચાનક ૪૦ ટકા જેટલો મોટો ઉછાળો આવ્યો છે. ખાસ કરીને ગત ૨૪ અને ૨૫ ઓગસ્ટના રોજ કચ્છ અને સૌરાષ્ટ્રનો સંયુક્ત વીજ વપરાશ ૧૦ હજાર મેગાવોટની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો હતો. કચ્છ જેવા વિશાળ ભૌગોલિક વિસ્તાર ધરાવતા જિલ્લામાં ખેતીવાડીના વીજ જોડાણો પર એકસાથે ભારે લોડ આવવાના કારણે સ્થાનિક વીજ વિતરણ વ્યવસ્થા અને ફીડરો પર ભારે દબાણ ઊભું થયું છે. વીજળીની આ અણધારી અને રેકોર્ડબ્રેક માંગને પહોંચી વળવામાં વીજ કંપનીનું તંત્ર કસોટીએ ચડ્યું છે. વપરાશના આ ભારે બોજને લીધે કચ્છના ગ્રામીણ તેમજ ખેતીવાડી વિસ્તારોમાં ટેકનિકલ ખામીઓ સર્જાતાં અવારનવાર શટડાઉનની પરિસ્થિતિ નિર્માણ પામી છે, જેના કારણે એક તરફ પાક સુકાવાની ચિંતામાં મુકાયેલા ધરતીપુત્રો અને બીજી તરફ વીજ તંત્ર બંને મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

# મેડીસરમાં જુગાર રમતા બે પકડાયા, પાંચ ફરાર

ભુજ - કચ્છઉદય : નખત્રાણા તાલુકાના મેડીસર ગામના વાડી વિસ્તારમાં જુગાર રમતા બે ખેલી પકડાયા હતા. જેમાં જોધાજી કુંભાજી સોઢા અને કલુભા વેલુભા જાડેજા પકડાયા હતા. જયારે કિરીટસિંહ નાગજી સોઢા, અર્જુનસિંહ મમુજી જાડેજા, અખેરાજ સવાઈસિંહ, ખેતાજી ભીમજી સોઢા અને એક અજાણ્યો ઈસમ ભાગી ગયા હતા. રોકડા રૂા. ૧૪૬૫૦ અને ૯૫ હજારની ચાર બાઈક કબજે કરી નિરોણા પોલીસે ગુનો દાખલ કર્યો હતો.

# નાના અંગીયામાં વાહનની ટક્કરે ગાય ખાડામાં પડતા રેસ્કયુ કરાયું



નખત્રાણા - કચ્છઉદય : તાલુકાના નાના અંગીયા ફાટક પાસે અજાણ્યા વાહને ગાયને ટક્કર મારતા રસ્તાની બાજુમાં આવેલા ઉંડા ખાડામાં પડી જતા ગંભીર રીતે ઈજાઓ થઈ હતી. ગૌવંશમ ગ્રુપ નખત્રાણાની ટીમને જાણ કરવામાં આવતા બે કલાકની જહેમત બાદ ગાયને બહાર કાઢી સુપાર્શ્વ હોસ્પિટલ ભુજ ખાતે સારવાર માટે લઈ આવ્યા હતા. આ કામગીરીમાં જે. આર. ગોસ્વામી, ધ્રુવ પટેલ, સંજયભાઈ રબારી, જયદીપસિંહ જાડેજા, હમીરભાઈ રબારી, નથુભાઈ રબારી સહિતના જોડાયા હતા.

# ચેક બાઉન્સના કેસમાં આરોપીને ૧ વર્ષની સાદી કેદ

ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામ કોર્ટ દ્વારા ચેક બાઉન્સના એક કેસમાં હુકમ સંભળાવતા આરોપીને એક વર્ષની સાદી કેદની સજા તથા રૂ. ૧૧ લાખનો દંડ ફટકાર્યો છે.

કેસની વિગત મુજબ, ફરિયાદી કૃણાલ મુકેશ શાહ પાસેથી આરોપી ભરત ગોવિંદ બારોટે મિત્રતાના નાતે રૂ. ૫,૫૦,૦૦૦ હાથ ઉછીના લીધા હતા. આ રકમની ચુકવણી પેટે આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો ચેક આપ્યો હતો, જે બેંકમાં જમા કરાવતા અપૂરતા ભંડોળના કારણે બાઉન્સ થયો હતો. આ અંગે વકીલ મારફતે નોટિસ મોકલવા છતાં રકમ ન ચૂકવાતાં ફરિયાદીએ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

કોર્ટમાં સમગ્ર કેસ ચાલી જતાં અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે આરોપી ભરત બારોટને તકસીરવાન ઠેરવી ૧ વર્ષની સાદી કેદ અને રૂ. ૧૧ લાખનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો વધુ ૬ મહિનાની સજા ભોગવવાનો હુકમ કરાયો છે. આ કેસમાં ફરિયાદી પક્ષે વકીલ ગુણવંત વી. મનાણી, એચ. વી. ઝાલા, જયેશભા ગઢવી અને ભાવેશ લીંબાચીયા હાજર રહ્યા હતા.


**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન**

**RUBની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કામ**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/TRD/ADI/31 (2026-27) તારીખઃ 25.08.2026

ટેન્ડર નં. TRD-ADI-T-24R-2026-27

**કામનું નામઃ** પાલનપુર-સામાખિયાળી સેક્શનમાં કર્વડ એપ્રોચવાળા રોડ અન્ડર બ્રિજની જોગવાઈ દ્વારા LC નાબુદ કરવાના સંબંધમાં OHE ફેરફાર કરવાનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૬૯,૮૪,૨૪૬/- **અર્નેસ્ટ મનીઃ** ₹ ૧,૩૯,૭૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને **તા.૨૨-૦૯-૨૦૨૬** ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in ADI-147

અમને લાઇક કરો: facebook.com/WesternRly



**Welspun CORP વેલસ્પન કોર્પ લિમિટેડ**

(CIN-L27100GJ1995PLC025609)

રજિ. કચેરી : વેલસ્પન સિટી, ગામ : વર્ષામેડી, તા. અંજાર, જિ. કચ્છ, ગુજરાત-૩૭૦ ૧૧૦ ટેલિ : +૯૧ ૨૮ ૩૬૬૬ ૨૨૨૨

કોર્પો. કચેરી : વેલસ્પન હાઉસ, કમલા મિલ્સ કંપાઉન્ડ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૪૦૦૦૧૩, ટેલિ : ૦૨૨-૨૪૯૦ ૮૦૦૦

ઈમેઈલ : CompanySecretary_WCL@welspun.com, www.welspuncorp.com

**પ્રત્યક્ષ શેર ટ્રાન્સફર કરવાની અરજી પુન: રજૂ કરવાની વિશેષ બારી**

આથી કંપનીના શેરધારકોને જાણ કરવામાં આવે છે કે સેબીના પરિપત્ર જાન્યુઆરી ૩૦, ૨૦૨૬ના 'ઇઝ ઓફ ડુઇંગ ઇન્વેસ્ટમેન્ટ - કંપનીના પ્રત્યક્ષ ડીમટીરીયલાઇઝેશન સિક્યોરિટીઝ' શેર ટ્રાન્સફર અરજી પુન: રજૂ કરવાની બારી ફેબ્રુઆરી ૫, ૨૦૨૬થી ફેબ્રુઆરી ૦૪, ૨૦૨૭ સુધી વિશેષ બારી ખુલ્લી રહેશે. જેમાં ૧ એપ્રિલ, ૨૦૧૯ પહેલાં રદબાતલ / પરત / ત્રુટિનાં કારણે કે અધૂરા દસ્તાવેજનાં કારણે પ્રક્રિયા થઇ શકી નહોતી.

ફક્ત અગાઉ રજૂ કરવામાં આવેલ કિસ્સાઓ માન્ય રહેશે, જે સફળ ખરાઇ થયેથી ડીમટીરીયલાઇઝ સ્વરૂપે ટ્રાન્સફર કરાશે. તેથી શેરધારકોએ અસલ શેર પ્રમાણપત્ર, ટ્રાન્સફર ડીડ, કેવાયસી તથા અન્ય નિયત દસ્તાવેજ કંપનીના રજિસ્ટ્રારને સંબોધીને શેર ટ્રાન્સફર એજન્ટ- એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ (આરડીએ)ને મોકલવાના રહેશે.

વધુ માહિતી માટે સેબી પરિપત્ર ચકાસીને www.sebi.gov.in અથવા આરટીએ એમયુએફજી ઇનટાઇમ ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ, સી-૧૦૧, ૨૪૭ પાર્ક, એલબીએસ માર્ગ, વિક્રોલી (પશ્ચિમ), મુંબઇ-૪૦૦૦૮૩, ઇમેઇલ: rnt.helpdesk@in.mpms.mufg.com, ટેલિ: +૯૧ ૮૧૦૮૧૧૬૭૬૭નો સંપર્ક સાધવા વિનંતી.

સ્થળ : મુંબઈ | વેલસ્પન કોર્પ લિમિટેડ વતી
તારીખ : ઓગસ્ટ ૨૬, ૨૦૨૬ | કલમ રાઠી, કંપની સેક્રેટરી



**ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી. - રાપર શાખા**

નોંધાયેલ & કોર્પોરેટ ઓફિસઃ પ્લોટ નં.૧૪૦, સેક્ટર-૧/એ, ગાંધીધામ, કચ્છ, ગુજરાત-૩૭૦૨૦૧
શાખાઃ ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી., કે.એમ.સી.બી. હાઉસ, રાપર, કચ્છ, ગુજરાત -૩૭૦૧૬૫

**સંપતિના જાહેર હરાજી તથા વેચાણ માટે ની નોટિસ**

**(નાણાકીય અસ્કયામતોનું પુનઃનિર્માણ અને સુરક્ષા હિતનું અમલીકરણ (SARFAESI અધિનિયમ, ૨૦૦૨) તથા સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એમફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) અને ૯(૧) ની જોગવાઈ હેઠળ ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી. (KMCB) રાપર શાખા પાસે ગીરો રાખવામાં આવેલી સ્થાવર મિલકતોના વેચાણની નોટિસ.)**

નાણાકીય અસ્કયામતોનું પુનઃનિર્માણ અને સુરક્ષા હિતનું અમલીકરણ (SARFAESI અધિનિયમ, ૨૦૦૨) તથા સુરક્ષા હિત(અમલ)નિયમો, ૨૦૦૨ ના નિયમ ૮(૬) અને ૯(૧) ની જોગવાઈ વંચાણે લેતા SARFAESI અધિનિયમ, ૨૦૦૨ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરી અને કલમ ૧૩(૧૨) હેઠળ ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી.(KMCB) ના અધિકૃત અધિકારી ને અપાયેલ સત્તા નો ઉપયોગ કરીને SARFAESI અધિનિયમની કલમ ૧૩(૪) તથા કલમ ૧૪ હેઠળ સુરક્ષિત મિલકત(ઓ) નો પ્રત્યક્ષ કબજો તા. ૧૪/૦૫/૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ હતો. આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે નીચે જણાવ્યા મુજબની સુરક્ષિત મિલકત (ઓ) ની જાહેર હરાજી કરી અને ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી.(KMCB) ને સંમત શરતો અનુસાર, 'જેમ છે તેમ છે' 'જ્યાં છે ત્યાં' તેના આધારે' અને 'જેમ છે તેમ' 'જે છે તેના આધારે' અને 'કોઈપણ પૂર્વગ્રહ વિના' બેંકના બાકી લેણાંના વસૂલાત માટે જાહેર હરાજી દ્વારા નીચે જણાવ્યા જણાવ્યા મુજબ ની મિલકતો વેચાણ માટે ઉપલબ્ધ છેઃ

| લોનધારકો/ગીરવેદારો/જામીનદારો ના નામ અને લોન ખાતા નંબર | લોન ની બાકી રકમ (રૂ.) | સુરક્ષિત અસ્કયામતો /જપ્ત કરેલ સંપતિ (સ્થાવર મિલકતો) ની વિગત | રિઝર્વ કિંમત (રૂ.) | EMD (રૂ.) |
|---|---|---|---|---|
| દેવાદારઃ **શ્રી સંજય કરશનભાઈ લુહાર**<br>સરનામુંઃ પ્લોટ નં.૯૮-૯૯, રાપર નગર સેવા સદન પ્રોપર્ટી નં.૨૬/૬૧, સ.નં.૨૭૮/૧-૨, ૨૭૯/૨-૩, શેરી નં. ૪, હનુમાનજીના મંદિર ની બાજુમાં, ૩૭૦૧૬૫. રાપર-કચ્છ-૩૭૦૧૬૫<br>વર્કિંગ કેપિટલ (ટર્મ લોન) ખાતા નં. ૮૦૭૫૦૧૪૨૦૦૦૦૦૧૪<br>કેશ ક્રેડિટ ફેસીલીટી લોન ખાતા નં. ૮૦૭૫૦૧૧૦૧૦૦૦૧૫૨<br>મોર્ગેજર & ગેરેન્ટરઃ **શ્રી કરશનભાઈ ભૂરાભાઈ લુવાર, શ્રી ધર્મેશભાઈ કરશનભાઈ લુહાર**<br>સરનામું : બંને રહેવાસી પ્લોટ નં.૯૮-૯૯, રાપર નગર સેવા સદન પ્રોપર્ટી નં.૨૬/૬૧, સ.નં.૨૭૮/૧-૨, ૨૭૯/૨-૩, શેરી નં.૪, હનુમાનજીના મંદિર ની બાજુમાં, રાપર-કચ્છ-૩૭૦૧૬૫ | રૂ. ૧૭,૨૨,૭૯૧/- (તા. ૧૧/૦૮/૨૦૨૬ સુધીના ખર્ચ, વ્યાજ વિગેરે) | રજિસ્ટર્ડ મોર્ટગેજ મિલકત નીચે મુજબ સ્થિત છેઃ<br>મોર્ગેજર : **કરશનભાઈ ભુરાભાઈ લુવાર**<br>સ્થાવર મિલકતનો તે તમામ ભાગ જેમાં બિન ખેતી રહેણાંક હેતુના પ્લોટ/મકાન નં.૯૮ નો દક્ષિણ ભાગ & પ્લોટ નં.૯૯ ઉત્તરાર્ધ ભાગ. જેનું કૂલ ક્ષેત્રફળ ૮૪.૬૪ ચો. મી. જેના પર મકાન બાંધવામાં આવેલ છે. રાપર નગર સેવા સદન હા.લ.નં.૨૬/૬૧,<br>'ગેલીવાડી', રે. સ. નં.૨૭૮/૧-૨ & ૨૭૯/૨-૩,શહેર-રાપર, તા. રાપર, નોંધણીનું સબડિસ્ટ્રિક્ટ રાપર, નોંધણીનું ડિસ્ટ્રિક્ટ કચ્છ-ગુજરાત છે જે નીચે મુજબ ચતુર્દિશા ધરાવે છેઃ<br>ઉત્તરઃ મેઘજીભાઈ નાથજીભાઈ પટેલ (ગોઠી) નું મકાન આવેલ છે.<br>દક્ષિણઃ જગદીશ ધરમશીભાઈ બેરાનું મકાન આવેલ છે.<br>પૂર્વઃ સમા રાજા બેરાનું મકાન આવેલ છે.<br>પશ્ચિમઃ જાહેર માર્ગ આવેલ છે. | રૂ. ૧૯,૨૦,૦૦૦/- (અંકે રૂપિયા ઓગણીસ લાખ વીસ હજાર પુરા) | રૂ. ૧,૯૨,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ બાણું હજાર પૂરા) |

● બાકી લેણાં સૂચક છે અને લોન દસ્તાવેજો મુજબ વધુ વ્યાજ, ખર્ચ અને શુલ્કને આધીન છે.

**હરાજીની શરતો અને નિયમોઃ**

૧. હરાજી વેચાણ 'જેમ છે તેમ' (AS IS WHERE IS), 'જેમ છે એવું જ' (AS IS WHAT IS) અને 'પોતે જોખમ ઉપર' (WITHOUT RECOURSE) આધાર પર યોજાશે.
૨. બિડરોએ રિઝર્વ કિંમતના ૧૦% જેટલી ઈ.એમ.ડી. (EMD) રકમ ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી. - રાપર શાખા ના નામે ડી.ડી. / પે ઓર્ડર / NEFT/RTGS મારફતે જમા કરાવવી પડશે.
૩. સફળ બિડરે એની ઓફર થયેલી કિંમતનો ૨૫% (EMD સહીત) રૂબરૂ કે પછીના કાર્યદિવસે જમા કરાવવો ફરજિયાત રહેશે.
૪. બાકીની ૭૫% રકમ વેચાણ પુષ્ટિના ૧૫ દિવસની અંદર ભરવી પડશે, નહીં ભરાય તો એ રકમ જપ્ત કરવામાં આવશે.
૫. ઓફરો બંધ લિફાફામાં 'શ્રી સંજય કરશનભાઈ લુહાર અને શ્રી કરશનભાઈ ભૂરાભાઈ લુવાર ની મિલકતની ખરીદી માટેની ઓફર' તરીકે લખીને, રાપર શાખા ખાતે ૨૫/૦૯/૨૦૨૬ ના ૪:૦૦ PM સુધી જમા કરાવવી.
૬. બિડો તા. ૨૮/૦૯/૨૦૨૬ ના સવારે ૧૧:૦૦ વાગે ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી. (KMCB), રાપર શાખા ખાતે ખોલવામાં આવશે.
૭. ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી. કોઈપણ ઓફર રદ કરવાની કે મંજૂર ન કરવાની સંપૂર્ણ હકદાર છે અને એ માટે કોઈ કારણ આપવું ફરજિયાત નથી.
૮. મિલકતો હાલની અને ભવિષ્યની તમામ બાંધછોડ સાથે વેચાશે. અધિકૃત અધિકારી કે બેન્ક કોઈ જવાબદારી લેતા નથી.
૯. ખરીદદારોએ પોતાની તરફથી સંપૂર્ણ ચકાસણી (due diligence) કરી લેવી જોઈએ.
૧૦. ખરીદદારે તમામ કર, ડ્યૂટી, TDS, નોંધણી ખર્ચ અને અન્ય કાનૂની ફરજિયાત ચૂકવણીઓ ભોગવવી પડશે.
૧૧. મિલકતોની મુલાકાત માટે તારીખઃ ૨૩/૦૯/૨૦૨૬ ના સમય સવારના ૧૧:૦૦ થી સાંજના ૫:૦૦ વાગ્યા સુધી (કાર્ય દિવસ) ઉપલબ્ધ રહેશે.
૧૨. લોનધારકો/ગીરવેદારો/જામીનદારો ને આ નોટિસ જાહેર હરાજી માટેના સુરક્ષા હિત(અમલ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮(૬) હેઠળ પણ જારી કરવામાં આવે છે. જે અનુસાર ૩૦ દિવસ ની કાનૂની વેચાણ નોટિસ મુજબ બજેલ ગણાશે.
૧૩. વધુ વિગતો માટે સંપર્ક કરોઃ શ્રી શક્તિસિંહ જામસિંહ ઝાલા (અધિકૃત અધિકારી) મોબાઈલઃ ૯૦૩૩૦ ૩૨૫૦૭, ઈમેઈલઃ services@kmcbank.in

આથી લોનધારકો/ગીરવેદારો/જામીનદારોને સૂચના આપવામાં આવે છે કે ઉપરોક્ત બાકી રકમ જાહેર હરાજી ની તારીખ પહેલા ચૂકવવાની રહેશે, અન્યથા ઉપરોક્ત મિલકતની વેચાણ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને જો લોનની કોઈ રકમ બાકી/લેણી રહેશે તો તે તમારી પાસેથી વસૂલ કરવામાં આવશે.

**નોંધઃ** જો કોઈ કારણોસર અંગ્રેજી કે ગુજરાતી જાહેરાત/નોટિસ માં વિસંગતતા જોવા મળે તો તે સમયે અંગ્રેજી જાહેર નોટિસ માન્ય તથા યોગ્ય ગણાશે.

તારીખ : ૨૭/૦૮/૨૦૨૬
સ્થળ : રાપર-કચ્છ

**શક્તિસિંહ જામસિંહ ઝાલા**
(અધિકૃત અધિકારી)
ધી કચ્છ મર્કેન્ટાઈલ કૉ-ઑપ. બેંક લી

NEWS PAPER



**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**અરજીઓ આમંત્રિત કરતી સૂચના**

**પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝન પર જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS) ના ઓથોરાઈઝેશન માટે અરજીઓને આમંત્રણ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, અમદાવાદ વખતો વખત પ્રસ્તાવિત શરતો મુજબની સૂચિત કક્ષાની સામે દર્શાવેલ **ઉંમરના ૧૮ વર્ષ** પુરા કરી ચુકેલ વ્યક્તિ પાસેથી કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટ સિસ્ટમ મારફતે અનરિઝર્વ્ડ રેલવે ટિકીટો ઈશ્યુ કરવા માટે નજનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS)" તરીકે કહેવાતા કોમ્પ્યુટરાઈઝ્ડ અનરિઝર્વ્ડ ટિકીટ સિસ્ટમ (UTS) ટર્મિનલ્સના સંસ્થાપન અને સંચાલન માટે ઇચ્છુક અરજદારો પાસેથી અમદાવાદ ડિવિઝન, પશ્ચિમ રેલવે ખાતે નીચે જણાવેલા સ્થળો (સ્ટેશનો) ખાતે "જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS)" તરીકે નિંમણૂક કરવા માટે વહેલા તે પહેલાના ધોરણે અંગ્રેજી/હિન્દીમાં સીલબંધ અરજીઓ આમંત્રિત કરે છે.

| અનું. નં. | સ્થળો (સ્ટેશનો) | અમદાવાદ ડિવિઝન પર JTBS (એજન્ટ્સ)ની આવશ્યકતા | |
|---|---|---|---|
| | | JTBS ખાલી જગ્યાઓ | અનામતો |
| ૧ | અમદાવાદ | ૦૫ | ADI 1- GEN, ADI 2 –OBC, ADI 3 – GEN, ADI 4 –ST, ADI 5- SC |
| ૨ | અસારવા | ૦૧ | GEN |
| ૩ | મણીનગર | ૦૧ | GEN |
| ૪ | સાબરમતી BG(SBIB) | ૦૨ | SBIB 1- OBC, SBIB 2- GEN |
| ૫ | ચાંદલોડિયા | ૦૧ | ST |
| ૬ | સાબરમતી જંક્શન (SBT) | ૦૧ | GEN |
| ૭ | કલોલ | ૦૧ | SC |
| ૮ | ગાંધીધામ | ૦૧ | GEN |
| ૯ | મહેસાણા | ૦૧ | SC |
| ૧૦ | પાલનપુર | ૦૧ | GEN |
| ૧૧ | ભુજ | ૦૧ | OBC |
| ૧૨ | પાટણ | ૦૧ | GEN |
| ૧૩ | હિંમતનગર | ૦૧ | GEN |
| ૧૪ | વટવા | ૦૧ | લઘુમતી |
| ૧૫ | ગાંધીનગર કેપીટલ | ૦૧ | GEN |
| ૧૬ | વડનગર | ૦૧ | OBC |
| ૧૭ | ભાભર | ૦૧ | લઘુમતી |
| | કુલ | ૨૨ | |

#OBC-અન્ય પછાત વર્ગ, GEN-જનરલ, SC-અનુસૂચિત જાતી, ST-અનુસૂચિત જનજાતી, Min.-લઘુમતી

| અનું. નં. | યોગ્યતા માપદંડ | રજૂ કરવાના પ્રમાણિત દસ્તાવેજી પૂરાવા |
|---|---|---|
| ૧ | અરજદાર શહેર/જિલ્લાની મ્યુનિસિપલ હદનો રહેવાસી હોવો જોઈએ કે જેમાં JTBS નિમવાના છે. | નામ અને સરનામું દર્શાવતા રેશનકાર્ડ/નામ અને સરનામું દર્શાવતા વીજળીનું બિલ/નામ અને સરનામું દર્શાવતા મકાન વેરા ચુકવણીની રસીદ/અરજદારનું મતદાન ઓળખ કાર્ડ/સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા યોગ્ય રીતે પ્રમાણિત કોઈપણ અન્ય રહેણાંક પુરાવાની નકલ. |
| ૨ | અરજદાર ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવો જોઈએ અને અંગ્રેજીનું કાર્યકારી જ્ઞાન હોવું જોઈએ. | ૧૦મા ધોરણની માર્કશીટ અથવા તેની ઉપરની શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રની નકલ |
| ૩ | અરજીની તારીખે અરજદારે ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોવા જોઈએ. | શાળા છોડ્યાના પ્રમાણપત્ર/ડ્રાઈવિંગ લાઈસન્સ/આધાર કાર્ડ અથવા જન્મ તારીખ દર્શાવતા સમાન દસ્તાવેજોની નકલ. |
| ૪ | અરજદારનો કોઈ ગુનાહિત રેકોર્ડ ન હોવો જોઈએ. | અરજી જમા કરાવતા સમયે નજીકના પોલીસ સ્ટેશનમાંથી મેળવેલ ઈ-ક્લિયરન્સ પ્રમાણપત્ર સહિત ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ/એડિશનલ ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ/ BDO અથવા મામલતદાર પાસેથી મેળવેલ ચારિત્ર્ય પ્રમાણપત્રની મૂળ નકલ જમા કરાવવાની રહેશે. |
| ૫ | UTS ઈશ્યૂ માટે પસંદ કરેલી જગ્યા સરળતા થી સુલભ છે અને પુરતી સુવિધાઓ (વિજળી, પાણી, શૌચાલય, પાર્કિંગ, વગેરે) સહિત છે. | વિસ્તારનો ઉલ્લેખ કરતા અને ઉપલબ્ધ સુવિધાઓ દર્શાવતા પરિસરનો સ્કેચ જમા કરાવવાનો રહેશે. |
| ૬ | યોગ્ય સ્થાનિક પ્રાધિકરણ પાસે થી જગ્યાની ફરજિયાત મંજુરી | a. મ્યુનિસિપલ પ્રાધિકરણ/ઉદ્યોગ આધાર, જો કોઈ હોય તો પાસે થી શોપ એક્ટ લાઈસન્સ<br>b. સ્થાનિક પ્રાધિકરણ પાસે થી NOC<br>c. કોઈપણ અન્ય સંબંધિત સહાયક દસ્તાવેજો |

અનામત કક્ષાના અરજદારોને એવી કક્ષાથી સંબંધિત દસ્તાવેજો જમા કરાવવા આવશ્યક છે. દસ્તાવેજ સક્ષમ પ્રાધિકરણ દ્વારા ઈશ્યુ કરાયેલા હોવા જોઈએ.

પસંદ કરાયેલ અરજદારો જેમને JTBS તરીકે નિમવામાં આવશે તેમણે કોન્ટ્રાક્ટના સમયગાળા દરમિયાન ઉદભવી શકે તેવા લેણાં વિરૂદ્ધ સિક્યોરીટી ડિપોઝીટ પરત્વે બેંકર્સ ચેક/ડિમાન્ડ ડ્રાફ્ટના સ્વરૂપમાં એક વખત ₹ ૨૫,૦૦૦/- જમા કરાવવાના રહેશે. કોન્ટ્રાક્ટ પૂર્ણ/સમાપ્ત થવા પર, બાકી લેણા સિક્યોરીટી ડિપોઝીટમાંથી સમાયોજીત કરવામાં આવશે અને બાકીની રકમ JTBS ને પરત કરવામાં આવશે.

અરજી ફોર્મ્સ રેલવેની વેબસાઈટ https://wr.indianrailways.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે. અરજી ફોર્મ મુજબની યોગ્યતા સંતોષતા દસ્તાવેજી પુરાવા સહિતની હાલનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડેલી અરજી, **ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ)ની ઓફિસ, ચામુંડા માતા મંદિરની પાસે, ગુજરાત કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ સેન્ટરની સામે, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૫** ખાતે સમાચાર પત્રમાં સૂચના પ્રકાશિત થયાની તારીખ થી ૩૦ દિવસની અંદર મળી જવા જોઈએ.

અરજી સીલબંધ કવરમાં ઉપરિલિખીત **"જનસાધારણ ટિકીટ બુકિંગ સેવક (JTBS) ની નિમણુંક માટેની અરજી"** હોવી જોઈએ અને **૨૮/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬.૦૦ કલાક** સુધી અથવા એ પહેલાં માત્ર રજીસ્ટર્ડ પોસ્ટ મારફતે મોકલવાની રહેશે. કોઈપણ ટપાલ વિલંબ માટે રેલવે જવાબદાર રહેશે નહીં. અપૂર્ણ અરજી સ્પષ્ટપણે નકારી દેવામાં આવશે.

**તા.૨૮-૦૯-૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક પછી કોઈ પણ અરજી સ્વિકારવામાં આવશે નહિં અને આ અંગે કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહિં.**

ADI-146

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly